
Vision, Mission statement brain storming workshop


નીલકમલ ફાઉન્ડેશન પ્રેરિત કૃત્રિમ હાથ-પગનો કેમ્પ


હીયરીંગ એઇડ ફીટ કરવાનો વિશ્વ રેકોર્ડ

# કોશિશ થી કામયાબી

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ડિસેમ્બર - ૨૦૧૮, અંક નં. ૭૨/૪૩૮


વિકલાંગોની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટેનો રૂા. ૫૦,૦૦૦નો ચેક સ્વીકારતા શ્રી કિરીટભાઇ રાઠોડ


નિવૃત્ત થતા શ્રી વર્ષાબેન પટેલને શાલ ઓઢાડી સન્માનતા શ્રી બાબાભાઇ


ભારત સરકારની એડિપ સ્કીમ અંતર્ગત, દિવ્યાંગોને સાધન સહાય વિતરણ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 December - 2018 ♦ Posted at 20th of every month at BHAV.RMS ♦ Subscription Rs. 150 per year (12 Issue) ♦ Total Page : 24

## રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં વિજેતા થવા બદલ
# ખેલ પ્રતિભા પૂરસ્કાર
## અને
## રાજયકક્ષાએ ત્રણ ગોલ્ડ મેડલ્સ તેમજ
## છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૪૭ મેડલ્સ મેળવનાર
## બહેરાં મૂંગા શાળાની
## દોડવીર









# કુ. પ્રભા સોલંકી







# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . . ૦૪
- જાન્યુ. ૨૦૧૯ના ત્રિવિધ કાર્યક્રમો . ૦૫
- દિવ્યાંગોને સાધન સહાય કેમ્પ . . . ૦૬
- સી.પી.બાળકોને વ્હીલચેર વિતરણ . ૦૬
- Vision, Mission statement brain storming workshop . . . . . . . ૦૭
- સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓને ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ . . . . ૦૭
- શ્રી કવિતાબેનની, પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ ભાવનગરની મુલાકાત . . . . . ૦૮
- સ્નેહ સંમેલન . . . . . . . . . . . . ૦૮
- ફેમિલી ફોરમ . . . . . . . . . . . . ૦૮
- PRV સાધન સહાય કેમ્પ . . . . . ૦૯
- સ્ટાફ વેલ્ફેર યોજના . . . . . . . . . ૦૯
- અભિપ્રાય . . . . . . . . . . . . . ૦૯
- અનામપ્રેમ - નેશનલ કૉન્ફરન્સ . . . ૧૦
- અભિપ્રાય . . . . . . . . . . . . . ૧૦
- વિદાય સમારંભ . . . . . . . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-KLID છાત્રાલય . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-PD ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-HT શાળા . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-CP શાળા . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-PRV સહાય કેન્દ્ર ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-VCL હૉસ્પિટલ . ૧૬
- શ્રદ્ધાંજલિ - સ્વ. શ્રી ભાનુમતિબેન . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૭
- ખેલ મહાકુંભ-૨૦૧૮ . . . . . . . ૧૯
- સંસ્થા મુલાકાત . . . . . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

સતત ગતિશીલ રહેવું એ આપણી સંસ્થાની વિશિષ્ટતા છે. સમયની અનુકૂળતા મુજબ સંસ્થાના બાહ્ય માળખામાં ફેરફારો થયાં કરે છે. પરંતુ સંસ્થાના ૬૦ વર્ષ જુના ઈતિહાસના હાર્દમાં, શ્રી બાબાભાઈ અને તેની ટીમે ઉભી કરેલી સંસ્કારીતા, વિકલાંગો પ્રત્યેની સમર્પિતતા તથા પારદર્શીતા જાળવી રાખવામાં આવે છે.

હમણાં જ તા. ૨૦-૯ ના મુંબઈ ખાતે એક દિવસીય સેમિનાર; સંસ્થાના વિઝન, મિશન, પડકારો અને ડિઝીટલ-સોસ્યલ મીડિયા વિષે, ખ્યાતી પ્રાપ્ત અન્વેષણ કન્સલટન્ટસ, શ્રીમતી રાજેશ્વરી શેઠના સંચાલનમાં યોજાયો. જેમાં ભાવનગર તથા મુંબઈના હોદ્દેદારો-ટ્રસ્ટીઓએ સક્રિય રીતે ભાગ લઈ, કાવ્યાત્મક અને સુસંગત મિશન-વિઝનમાં પોતાના વિચારો રજૂ કર્યા તથા હાલના સંજોગોમાં, 35 AC બંધ થતાં, દાન મેળવવામાં થતી મુશ્કેલીઓ અને CSR મેળવવાની જરૂરિયાત પર ભાર મુકાયો. વેબસાઈટ અને ડિઝીટલ સોસ્યલ મીડિયાના વધુ સારા ઉપયોગ અંગે પણ નિર્ણય લેવાયો અને તેના અપગ્રેડેશનની કામગીરી પણ સોંપાય.

આમા ખાસ બાબત એ રહી કે સેમિનાર પુરો થયા પછી પણ, સંસ્થાના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ અને શ્રી પ્રકાશભાઈ દેસાઈ મોડી રાત સુધી ભાવનગરની ટીમની સાથે રહી, સંસ્થાના સંચાલન, પ્રશ્નો, આગામી કાર્યક્રમો વિગેરેની ઔપચારિક વાત-ચીતો દ્વારા, એક આદર્શ નેતૃત્વ સાથે ઘનિષ્ટ નિકટતા, અને આત્મિયતાનો અનુભવ કરાવ્યો. ચાલો, આપણે સૌ સંસ્થાના આધુનિક પુનઃનિર્માણના કાર્યમાં સંકલ્પબધ્ધ થઈ, વધુ ઉંચાઈઓ તરફ અગ્રેસર થઈએ.


**કિરીટ રાઠોડ**

'Life never gives a second chance so just value your relations before losing them'

**Anonymous**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૭૨/૪૩૮**
  ૧૫ ડિસેમ્બર - ૨૦૧૮
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**
- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ PNR's Annual Function 2019

The PNR Society in association with its forum institutions has planned its Annual Event during 5, 6, 7 January, 2019 when donors and well-wishers will have conclave with the management of PNR Society for a way forward.

### ◈ International Conference of the Hearing & Speech Impaired. The KLID made its Presence Felt

Porbandar-based **'Anamprem'**, a group rendering services to the disable and needy community, organized an International Conference of the Hearing and Speech Impaired on 2nd Oct. 2018 at Porbandar on the eve of 150th Birth Anniversary of Mahatma Gandhi. The conference was attended by 11 states and 16 schools. A total number 12 girl-students of K. L. Institute for the Deaf (KLID) participated and bagged the prizes. The conference recommended for sex education in students and training for parents of these special children.

### ◈ Dynamism is thy Name, KLID

Participation in Handicraft exhibition, organizing Dental Camp for its wards, Guardians' Meeting, Aids and Appliances camp and participation and bagging prizes in Khel Mahakumbh have been the chief events one after the other organized by the KLID. This is not all. A special Employment Registration Camp was also organized in its Middle School in which 52 students were the beneficiaries.

### ◈ KLID Managed PRV Workshop Shines

A total number of 17 knee-brace camps were organized in Maharashtra, Delhi, Rajasthan, Telangana, Karnataka and Tamilnadu. A total number of 560 patients having knee-joint pains were rendered knee-braces on the spot. In Bhavnagar, the workshop provided 315 assistive devices. In a camp organized at Porbandar, the workshop provided 112 assistive devices. The Nilkamal Foundation (Mumbai) sponsored camp at Sinner – Nasik had 150 beneficiaries who were not only supplied assistive devices but free lodging and boarding facility was also extended to the beneficiaries.

### ◈ Special Blood Profile Camp

With the financial support from Shri Nileshbhai Chalalia – Manager, District Cooperative Bank – a blood profile camp was organized for needy at a charitable rate of Rs. 100/- only by the PNR Special Hospital where 207 people took advantage. It is gratifying to mention that Shri Nanubhai Vaghani and Mahavirsinh Gohil while appreciating the noble activity of the PNR Special Hospital declared donation of Rs. 25,000/- and Rs. 11,000/- respectively. The President of the PNR Society Shri Shashibhai Vadhar also declared donation of Rs. 25,000/- on the spot. The PNR Special Hospital served 5845 patients in the areas of eye, ear, plastic surgery, x-ray, pathology, vaccination and general OPD during Sept – Oct 2018.

### ◈ Prevention Activity in Full Swing

During Oct. – Nov. 2018 in the prevention of disability area the department administered Rubella vaccine to 424 girls, examined 10310 school-going children. A total number of 334 children had hearing problems whereas 200 children were found with visual impairedness. Plastic surgery camp organized had 17 beneficiaries and cataract surgery had 62 beneficiaries.

### ◈ Other Activities

ICT training in C. P. School, celebration of Sports Day, Dipavali, Mahatma Gandhi's Birth Day, Navratra by students of Ankur, C. P. School, Autism School, Day Care Center and preparation for World Disable Day on 3rd Dec.- 2018 were the important programmes.

# જાન્યુઆરી ૨૦૧૯માં પી.એન.આર. સોસાયટીમાં યોજાનાર ત્રિવિધ કાર્યક્રમો

**દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ, ભાવનગરની પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓ દ્વારા ત્રિવિધ કાર્યક્રમો; નટરાજ કોલેજ કેમ્પસ, સરદાર પટેલ સ્કૂલની નજીક, કાળિયાબીડ, ભાવનગર ખાતે તા. ૫, ૬, ૭ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન યોજાશે. જેમાં સંસ્થાના ઉદારદિલ દાતાઓના યોગદાનથી, સંશાધનોનું લોકાર્પણ, તકતીઓનું વિમોચન અને પાંગરતી પ્રતિભાઓ તથા દાતાશ્રીઓના સન્માનના કાર્યક્રમો યોજાનાર છે.**



### ☛ જેમાં તા. ૫/૧/૧૯ શનિવારે સાંજે

❖ બહેરાં મૂંગા શાળાના ઓડિટોરિયમમાં, ડિફરન્ટલી એબલ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

### ☛ તા. ૬/૧/૧૯ રવિવારે સવારે

❖ વી.સી. લોઢાવાળા હોસ્પિટલ માટે **સોનોગ્રાફી મશીનના પ્રોબ**ની તકતીનું અનાવરણ.
દાતાશ્રી વસંતભાઈ વી.ગાંધી (USA) તથા ધવલભાઈ શાહ

❖ AT&T ટેકનોલોજી પાર્ક **ફંડની પ્લેટ - ૨** નું અનાવરણ.
પ્રફુલભાઈ શાહ (USA) વગેરે NRIના વરદ્ હસ્તે.

❖ **જેરી જોન્સ. વેલ બેબી કિલનીક** પ્રોજેકટની તકતીનું અનાવરણ

❖ નટરાજ કોલેજ **કલાસ રૂમની તકતી**નું અનાવરણ
દાતા. મહેતા પરિવાર, હ. : શ્રી ભરતભાઈ પારેખ

❖ પ્રવિણચંદ્ર દલાલ **ડિસેબિલિટી પ્રિવેનશન સેન્ટર**ની તકતીનું અનાવરણ

❖ કે. એન. શાહ ડે-કેર સેન્ટર
ડે-કેર સેન્ટરના **કલાસ રૂમની તકતી**નું અનાવરણ
દાતા. મહેતા પરિવાર, હ. : શ્રીમતી રશ્મિબેન અને શ્રી પ્રતાપભાઈ પારેખ

❖ **સંસ્થા દર્શન**

❖ **સાંજના ૫:૦૦ થી ૭:૦૦ વાગે મુખ્ય સમારોહનું આયોજન,** નટરાજ કોલેજ કેમ્પસમાં...
જેમાં વિવિધ દાતાઓનું સન્માન, સાધન સહાય, વકતવ્યો વિગેરે...

### ☛ તા. ૭/૧/૨૦૧૯ ને સોમવાર સવારે

❖ નીલકમલ પ્રા. લિ.ના કોર્પસ ફંડમાંથી પ્રમુખશ્રી વામનભાઈ પારેખની ઉપસ્થિતિમાં **સાધન સહાય** અને **પ્રેઝન્ટેશન.**

❖ AT&T ટેકનોલોજી પાર્ક **એવોર્ડ** તથા **સ્કોરલરશીપ** એનાયત કાર્યક્રમ.

❖ દાતાઓ, શુભચિંતકો, કાર્યકરો સાથે **ચર્ચા/મીટિંગ.**

# દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કેમ્પ



ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા ખાતા દ્વારા, ભારત સરકારની **એડિપ સ્કીમ** અંતર્ગત, **દિવ્યાંગોને સાધન સહાય વિતરણ** કાર્યક્રમ તા. ૩૦/૧૦ ના રોજ યોજાયો. કાર્યક્રમની શરૂઆત સી.પી. સ્કૂલના બાળકો દ્વારા પ્રાર્થનાથી થઈ. ત્યાર બાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી વૈશાલીબેન જોષીએ ઉપસ્થિત મહેમાનોનું પુસ્તકો દ્વારા સ્વાગત કરેલ. સી.પી. સ્કૂલના (ઈ.પ્રિ.) શ્રી જીજ્ઞાબેન સોલંકીએ એડિપ સ્કીમ અંતર્ગત દિવ્યાંગોને મળતી સાધન સહાય વિશે માહિતી આપી. ત્યાર બાદ કુલ **૧૪૧** લાભાર્થીઓને ભાવનગર શહેરના પ્રાંત અધિકારી શ્રી જી.વી. મિયાણી, (ALIMCO) કાનપુરના (P & O Expert) શ્રી નેતાજી હરિચંદન, પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટી સર્વશ્રી કિરીટભાઈ રાઠોડ, અશ્વિનભાઈ પંડયા, ડી.જે. ધંધુકિયા, એ.જી. તન્નારાણા તથા શ્રી ભગીરથસિંહ ચુડાસમા (વેલ્ફેર ઓફિસરશ્રી) તથા શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના હસ્તે સાધન સહાય વિતરણ કરવામાં આવેલ. નેતાજી હરિચંદને સેન્સરી કીટનું માર્ગદર્શન આપેલ તથા શ્રી જી.વી. મિયાણીએ આ કાર્યક્રમ અંતર્ગત પ્રાંસગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે પી.એન.આર. સોસાયટીના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સી.પી. સ્કૂલના વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝાએ કર્યું હતું.






# એસ.બી.આઈ. એમ્પ્લોઈઝ યુનિયન તરફથી સી.પી. બાળકોને વ્હીલચેરનું વિતરણ

તા. ૩૦/૯/૧૮ ઝવેરચંદ મેઘાણી હોલ (રંગભવન), ભાવનગર ખાતે, એસ.બી.આઈ. એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા સંસ્થાના ૭ બાળકોને સી.પી. ચેર ભેટ તરીકે આપવામાં આવેલ. આ વ્હીલચેરનું વિતરણ કરી એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા, દિવ્યાંગ માટે સમાજ સેવાનું ઉમદા-ઉદાહરણ પૂરું પાડેલ છે, જે સરાહનીય છે. જે માટે શ્રી સંદિપભાઈ, શ્રી કેતનભાઈ અને એસ.બી.આઈ. એમ્પ્લોઈઝ યુનિયનનો મળેલ વ્હીલચેર માટે આભાર માને છે. ઉપરોકત વ્હીલચેર વિતરણના કાર્યક્રમમાં, પી.એન.આર. સોસાયટીના પ્રતિનિધિ શ્રી તન્નારાણા સાહેબ, શ્રી નરેશભાઈ અજમેરા તથા શાંતિભાઈ હાજર રહેલ અને સંસ્થાની સેવાકિય પ્રવૃત્તિમાં સિંહફાળો આપવા બદલ આભાર વ્યકત કરેલ.

# Vision, Mission statement brain storming workshop

PNR Society conducted a stakeholders meeting on 20th November 2018 at Orient Club from 11am to 2pm, to upgrade our Brand, Vision and Mission statement. The meeting was attended by trustees from Bhavnagar (Shri Parasbhai Shah, Shri Kiritbhai Rathod, Shri H. P. Rakashiabhai, Shri Dhirubhai Dhandukia) and Mumbai (Shri Natvarbhai Desai, Shri Narendrabhai Shah, Shri Prakashbhai Desai, Shri Harenbhai Sanghavi, Shri Hitenbhai Dalal, Shri Bharatbahi Parekh, Shri Jitubhai Mehta, Shri Harshadbhai Sheth) along with Smt. Toralben (who represents Dalal Foundation, USA) and Smt Sushmaben, Sr. Executive.

It was conducted by Mrs Rajeshwari Sheth (Anveshan Consultants) and ably assisted by her colleague Aparna, Shipra & Rivika (Eventat Odds) who are upgrading our Website and helping us with Digital and Social Media Marketing, also participated in this meeting.

Rajeshwariji, explained the importance of articulating the words to frame a better Vision and Mission statement, which will make an impact on our Brand image, to make our presence felt very strongly. She interactively conducted the session for both Vision and Mission statements, by showing examples of other companies and making the participants pen down their thoughts on paper





followed by group discussion on how better words and statements can get formulated.

She will be taking points from all the inputs given and restructuring a newer Vision & Mission statement. The entire event was organised by Shri Prakashbhai Desai.

# સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓને ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ

છેલ્લાં દશ ઉપરાંત વર્ષથી કાર્યરત શાંતિલાલ એમ. શાહ ટ્રસ્ટ દ્વારા, અશકતા આશ્રમ, ડાકોર ખાતે, વિવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓને ચેક અર્પણ કરવાનો શાનદાર કાર્યક્રમ, દાતા શ્રી ચંદ્રવદન શાહના અધ્યક્ષપદે તા. ૨૫-૧૧-૧૮ ના રોજ યોજાયો હતો. જેમાં સંસ્થાના હોદ્દેદારો અને શ્રી નરેશભાઈ વેદ (પૂર્વ વા. ચાન્સેલર) વિગેરે મંચ પર બિરાજમાન હતાં. આ સમયે કુલ રૂા. એક કરોડ ઉપરાંતનું ફંડ, ૪૦ જેટલી સેવાભાવી સંસ્થાઓને અર્પણ કરાયું હતું.

આ પ્રસંગે દર વર્ષની જેમ આપણી પી.એન.આર. સોસાયટીને, તેની વિકલાંગો માટેની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટેના કોર્પસ ફંડમાં રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) નો ચેક અર્પણ કરાયો હતો. જે સંસ્થા વતી માનદ્



મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા શ્રીમતી જયશ્રીબેન રાઠોડે સ્વીકારેલ હતો. સંસ્થાએ, દાતાશ્રીની સાતત્યપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ આભાર માન્યો હતો.

## પીડિલાઈટ ઈન્ડ. મુંબઈના શ્રી કવિતાબેન

# પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ ભાવનગરની મુલાકાત

ભાવનગરની પી.એન.આર. હોસ્પિટલમાં પીડિલાઈટ ઈન્ડ. મુંબઈની સહાયથી, ભારતભરમાં ચાલતાં આઠ પાર્કિન્સન્સ ડિસીઝ (કંપવાના વ્યાધિ) ના ચેપ્ટર પૈકીના, ભાવનગરમાં શ્રી બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપની ગતિવિધિની માહિતી મેળવવા મુંબઈ ઓફિસથી શ્રી કવિતાબેન નિમ્બાલકરે, તા. ૨૯/૧૧ ના રોજ મુલાકાત લીધેલ. માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે, સતત પાંચ વર્ષથી ભાવનગર સપોર્ટ ગ્રુપના સક્રિય સભ્યોની, કસરતમાં ઉત્કંઠાને બિરદાવી હતી. કો-ઓર્ડિનેટર શ્રી કે. ડી. પડિયાએ પ્રસંગ-પ્રવૃત્તિ પરિચય આપી, સંકળાયેલાં સર્વોને પ્રોત્સાહિત કરેલ હતાં. મુંબઈ ઓફિસના શ્રી કવિતાબેન નિમ્બાલકરે, ભાવનગર સપોર્ટ ગ્રુપના પ્રારંભથી અત્યાર સુધીની પ્રવૃત્તિથી અવગત થઈ, સંતોષ વ્યકત કરી, વધુ સુવિધાઓની જરૂરિયાત અંગે જાણ કરી મેળવી હતી અને પી.એન.આર. સોસાયટીની વહિવટી સ્થળ અને ઈત્તર પ્રવૃત્તિ માટેના સહકારની પ્રસંશા કરી, આભાર માન્યો. ફિઝીયોથેરાપીસ્ટ શ્રી ભાવીનભાઈએ ટૂર, ઈત્તર પ્રવૃત્તિ, સિનેમા જોવાના કાર્યક્રમ દ્વારા, સતત ૪૦ જેટલી સંખ્યાથી



ચાલું રહેલ ગ્રુપનો વિગતે અહેવાલ આપેલ, તથા બોકસીંગની કસરતનો નમૂનો ગ્રુપના સદસ્યોએ આપેલ. દર ગુરૂવાર અને રવિવારે મોજ મજા મસ્તીમાં ચાલતા આ ગ્રુપના સભ્યોએ મોકળા મને શ્રી કવિતાબેનને પોતાને મળેલ સુવિધા તથા વધુ સારી રીતે કામ ચાલે તે માટે સજેશન આપ્યાં હતાં. સંસ્થાના શ્રી અમિત મિત્રાએ રસપૂર્વક જહેમત લઈ કાર્યક્રમને સફળતા અપાવેલ.

# સ્નેહ સંમેલન

વિક્રમ સંવત ૨૦૭૫ના મંગલમય પ્રારંભે, લાભ પાંચમના શુભદિવસે, પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓનું સ્નેહ સંમેલન કે.એલ. ઈન્સ્ટિટયુટ ઓફ ડેફના કોન્ફરન્સ હોલમાં સંપન્ન થયું. પ્રમુખ શ્રી શશીકાંતભાઈ વાઘર, સર્વશ્રી બાબાભાઈ, અશ્વિનભાઈ, ધીરૂભાઈ ધંધુકિયા, વી.ડી. શાહના પ્રાસંગિક પ્રવચનોએ ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, શિક્ષકગણ અને શુભેચ્છકોને દિવ્યાંગોની પીડા દૂર કરી, વિકાસશીલ બનાવવાના ઉમદા ધ્યેયના મિશનમાં, ઉત્સાહભેર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન, કાંઈક નવું કરીને આપવા, પ્રોત્સાહક અપીલ કરી, નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. સંચાલન શ્રી પારસભાઈ



શાહે અને સંમેલનનું સમાપન શ્રી કિરીટભાઈ રાઠોડ કરેલ હતું.

**ફેમિલી ફોરમ**

પારીવારિક શબ્દને સાર્થક કરતો વધુ એક શરદ પૂર્ણિમાની ઉજવણીનો કાર્યક્રમ તા. ૨૪ ઓકટો.૧૮ની શીતળ રાત્રિએ, ગૌરીશંકર સરોવરની સમીપે પી.એન. આર. સોસાયટીના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ અને શિક્ષકો દ્વારા ઉંધીયુ-પુરી, દહીંવડા, કસાટા પૌવા અને સંગીત નાટકને સથવારે મનભરીને માણ્યો. શ્રમના સમયે કામ અને આનંદના સમયે આનંદ સાથે સંસ્થા પરિવારનો સંબંધ ઘનિષ્ઠ કરવાનો આ અવસર સૌએ માણ્યો. કાર્યક્રમનું આયોજન શ્રી કિરીટભાઈ રાઠોડે, સૌના સહકારથી પૂર્ણ કરેલ.

# નીલકમલ ફાઉન્ડેશન પ્રેરિત કૃત્રિમ હાથ-પગનો કેમ્પ



નીલકમલ ફાઉન્ડેશન પ્રેરિત કૃત્રિમ હાથ-પગનો એક કેમ્પ, સિન્નર-નાસિક ખાતે યોજાઈ ગયો. જેમાં ૧૫૦ કરતાં વધારે લાભાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ લાભાર્થીઓને રહેવા-જમવાની નિઃશુલ્ક સગવડતા, નિલકમલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં અઆવી હતી. ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વામનભાઈ પારેખ, તેમના ધર્મપત્નિ શ્રી નલિનીબેન, નિલકમલ કંપનીના એમ.ડી. શ્રી હિતેનભાઈ પારેખ, ઉપરાંત કુટુંબીજનોએ કેમ્પ સ્થળ ઉપર સતત ચાર દિવસ રહી, લાભાર્થીઓને કોઈ તકલીફ ન પડે, તે માટે અંગત રસ લીધો હતો. નિલકમલના વરિષ્ઠ અધિકારીઓએ, સ્થાનિક આગેવાનોએ, કેમ્પને સફળ બનાવવા દિવસ-રાત મહેનત કરી હતી.

# બધિર દિવ્યાંગોના અન્નદાન યોજના, સ્ટાફ વેલ્ફેર યોજના અન્વયે, દિવાળી ઉત્સવ નિમિતે વિતરણ



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા સંસ્થામાં તા. ૩/૧૧ ના રોજ દાતાશ્રીઓના સહકારથી લાભાર્થીઓને **દિવાળી ઉત્સવને** આનુષાંગિક વસ્તુઓના વિતરણનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત શ્રી અને શ્રીમતી રશ્મિ મનહર સહાયનિધિ કોપર્સ ફંડના ૭૫ લાભાર્થી અને ૪૦ બાળકો અને શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલ્ફેર ફંડના ૫૦ લાભાર્થીઓને મીઠાઈ, બે જોડી નવા કપડાં, ફરસાણ, ગૃહ સુશોભનની શણગારની જુદી-જુદી વસ્તુઓ, બાળકો માટે ફટાકડાંનું વિતરણ કરવામાં આવેલ. કુલ રૂા. ૨,૦૦,૦૦૦ ની વસ્તુઓનું વિતરણ થયેલ છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચીશ્રી જીતુભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી મીતાબેન ઓઝા તથા ઈનર વ્હિલ કલબના હોદ્દેદારો અને આજના વસ્તુ વિતરણના સહયોગી દાતાશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

# અભિપ્રાય

'ICT ના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપીને, મને એક સારા કાર્યક્રમમાં સહભાગી થવાની તક આપવા બદલ આપ સૌનો ખૂબ-ખૂબ આભાર. આવા કાર્યક્રમમાંથી અમારા જેવાને મેનેજમેન્ટ પોઈન્ટ ઓફ વ્યુથી ઘણું શીખવા મળે છે. આ ICT ના તજજ્ઞો જે મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો હતાં તેઓ કેટલું અદ્ભૂત કાર્ય કરે છે ! તે સૌનું સન્માન યોગ્ય જ છે. સૌને વધુ સારું કાર્ય કરવાનું બળ મળ્યું જ હશે. સન્માન કરવાવાળા એટલે કે આપ સૌ પણ આવું જ અદ્ભૂત અને સમર્પણભાવથી સંવેદના સભર કાર્ય કરો છો, તે અમે સૌ જાણીએ જ છીએ. આપ સૌને વંદન. માન. પંડિત સાહેબ, માન. નવનીતભાઈ રાઠોડ જેવા લોકો ઋષિઓ જ છે, તેઓનું સાનિધ્ય મારામાં હકારાત્મકતાનો વધારો કરે છે.'



**- પરેશ ત્રિવેદી,** આચાર્ય,
બી.એમ. કોમર્સ હાઈસ્કૂલ, ભાવનગર.

# ‘અનામપ્રેમ’ : ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ ધ હિયરીંગ એન્ડ સ્પીચ ઈમ્પેર્ડ ૨૦૧૮-પોરબંદર

**‘અનામપ્રેમ’** કે જે સમાજમાં રહેલાં દિવ્યાંગ તથા જરૂરિયાતમંદ વ્યકિતઓને મદદ કરતું, પ્રોત્સાહિત કરતું સેવાભાવી વ્યકિતઓનું એક એવું ગ્રુપ છે, જેના દરેક મેમ્બરો નિઃસ્વાર્થભાવે કોઈપણ જાતના વળતરની અપેક્ષા વગર, માત્ર આત્મસંતોષ માટે, આ સમાજના લોકો માટે ખૂબજ સારી પ્રવૃત્તિઓ કરે છે. વર્ષ ૨૦૧૮ માં પોરબંદર ખાતે શ્રવણમંદો માટેની કોન્ફરન્સ યોજાઈ. જેમાં ભારતના ૧૧ રાજયો અને ૧૬ શાળાઓએ ભાગ લીધો તથા શ્રીલંકા, ભૂતાન અને આદામાન નિકોબારની શાળાઓએ પણ ભાગ લીધેલ. આ વર્ષે પણ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ હોવાથી આ કોન્ફરન્સ તેમના જન્મસ્થળ પોરબંદરમાં અનામપ્રેમ દ્વારા યોજાઈ. જેમાં ૭૦૦ જેટલા શ્રવણમંદ-દિવ્યાંગોએ ભાગ લીધો.

આ કોન્ફરન્સનો હેતુ, દુનિયાભરના શ્રવણમંદો એકજ સ્થળે ભેગા થાય, અભિવ્યકત થાય, નવું જાણે, એક બીજામાંથી પ્રેરણા મેળવે, તેઓનો આત્મવિશ્વાસ વધે અને સ્વાવલંબી બને. ઉપરોકત આશયને સફળ કરવા તેઓ વિવિધ હરિફાઈઓ, આર્ટ અને ક્રાફટનો વર્કશોપ વગેરે યોજે છે. આ કોન્ફરન્સમાં ભાવનગર શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની ૧૨ દીકરીઓ અને ૪ શિક્ષકોએ ભાગ લીધેલ અને નંબર મેળવી, ઈનામ પણ પ્રાપ્ત કરેલ. ઉપરાંત શાળાના આર્ટ




ટીચર શ્રી મીનાબેન રૂપેરા તથા શ્રી દર્શનાબેને આર્ટ એન્ડ ક્રાફટનો વર્કશોપ કરેલ, જેને ખૂબજ સારો પ્રતિસાદ મળેલ.

કોન્ફરન્સમાં અગત્યના બે મુદ્દા (૧) આ બાળકોને સેકસ એજયુકેશન આપવું. (૨) આ બાળકોના વાલીને તાલીમ ખૂબજ જરૂરી : ઉપર ચર્ચા થઈ અને ખૂબજ ભાર મૂકાયો.

આ કાર્યક્રમના કોર્ડિનેટર તરીકે શ્રી ફાલ્ગુનીબેન જે. મકવાણા અને તેમની સાથે શ્રી જયોત્સનાબેન પંડયાએ સુંદર કામગીરી બજાવેલ. કાર્યક્રમની સફળતા માટે મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને આચાર્યશ્રી ઈલાબેન મજમુદારે સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ.





**અભિપ્રાય**

‘નિયમિત રીતે મળતું ‘કોશિશ થી કામયાબી’ સામયિકમાં સમય કાઢી, નિરાંતે તેમાં ડૂબી જવાય છે. જે કઠિન કામ છે કે જેમાં સ્વસ્થતા અને ભકિત બંને આવશ્યક છે, એવું કપરું કામ આપ કરીને તેને લોકો સુધી પહોંચાડી, લોકોમાં લાગણી, કરુણા, તેમજ જીવનમાં ત્યાગીને ભોગવી જાણવાની પી.એન.આર.ની જીવન નીતિ-રીતીની પ્રતિતી થાય, તે પણ ઉમદા સેવા છે, જે આપ આ વૃત્તપત્રના માધ્યમથી કરી રહયાં છો. આપના પ્રયત્નો માટે ખૂબ-ખૂબ વંદના સહ, અભિનંદન.’ **- ગૌતમભાઈ વી. જોશી,** નિયામક, શ્રી જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ, જાફરાબાદ.

# વિદાય સમારંભ





સંસ્થાના શિક્ષક શ્રી દક્ષાબેન સવજીયાણી અને સફાઈ કાર્યકર શ્રી ગૌરીબેન તા. ૩૦/૧૦ ના રોજ નિવૃત્ત થતાં, તેઓનો વિદાય સમારંભ તેઓના પરિવારજનો, ટ્રસ્ટીગણ અને સહકર્મચારીની હાજરીમાં મહાવીર ઓડિટોરિયમમાં યોજાયો. શ્રી દક્ષાબેન સવજીયાણી કે જેઓએ જયારે સંસ્થામાં પગ મૂકયો ત્યારે, પોતાના શ્રવણમંદ દિકરાની ચિંતામાં દિશાશૂન્ય હતાં. પરંતુ શ્રી કુસુમબેન મહેતાના તેમજ ટ્રસ્ટી શ્રી બાબાભાઈના સહકાર, માર્ગદર્શનથી, તેમજ પોતાના અનુભવ જગતને બહોળું બનાવી, મહેનત, સંઘર્ષ અને અથાક પ્રયત્નથી એક સફળ માતાની પદવી પામ્યાં. તેમજ વડીલ શ્રી બાબાભાઈના શબ્દોમાં કહીએ તો 'શ્રવણમંદ બાળકોની શિક્ષણ પધ્ધતિના એક આદર્શ મોડલ એટલે શ્રી દક્ષાબહેને સફળ શિક્ષક તરીકે સુંદર ઉત્કૃષ્ટ કામગીરી બજાવેલ છે.' શૂન્યમાંથી સર્જન એટલે તેમનો મોટો પુત્ર કલિન્દ કે જે પોસ્ટ ઓફિસમાં સારી પોસ્ટ પર નિયુકત છે અને પુત્રી શ્રીમ શ્રવણમંદ બાળકોની સફળ શિક્ષક અને કોરિયોગ્રાફર છે. સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં પોતાનું મહત્વનું યોગદાન આપનારા, સદાય કર્મયોગી, સફળ વાલી, માર્ગદર્શક એવા શ્રી દક્ષાબહેનને સૌએ તેમના નિવૃત્તિ પછીના સુખદાયી જીવનની શુભેચ્છા આપેલ. શિક્ષણની સાથે સંસ્થાની સફાઈ-ચોખ્ખાઈ પણ એટલીજ જરૂરી છે અને આ કામગીરી ખૂબ સારી રીતે બજાવતા શ્રી ગૌરીબહેનને પણ સૌએ નિવૃત્તિ પછીના સુખદાયી જીવનની શુભેચ્છા આપેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સ્નેહાબેન જોષી




## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - છાત્રાલય

- તા. ૨૬/૯ ના રોજ શ્રી રેશ્માબેન તરફથી, શ્રી મૃદુલાબેન ધીરજલાલ શાહના સ્મરણાર્થે બાળકોને મિષ્ટાન્ન-ફરસાણ સાથે ભોજન કરાવેલ.
- તા. ૨૬/૯ સાંજે શ્રી શ્યામભાઈ ગિરીશભાઈ મકાતી તરફથી બાળકોને છોલે-પુરી, પાપડનું ભોજન કરાવવામાં આવેલ. ઉપરાંત તા. ૨૭/૯ ની સાંજે બાળકોએ પાઉંભાજી તથા રોલક્રીમની જયાફત પણ માણેલ.
- તા. ૨૭/૯ ના રોજ ભાવનગર ડેપ્યુટી કલેકટરના પિતાનું શ્રાધ્ધ હોવાથી બાળકોને મિષ્ટાન્ન ભોજન કરાવેલ. બાળકોએ તેમના પિતાના આત્મશ્રેયાર્થે પ્રાર્થના કરેલ.
- તા. ૮/૧૦ ના દિવસે શ્રી પ્રમોદભાઈ ભટ્ટ તરફથી, સ્વ. દેવયાનીબેન શેઠ તથા સ્વ. શ્યામભાઈની પૂણ્ય સ્મૃતિમાં બાળકોને ઉંધીયુ-પુરી, દૂધ-પાક અને ખમણ, છાત્રાલયના જ રસોડા વિભાગમાં બનાવી પીરસવામાં આવેલ.
- તા. ૮/૧૦ ની સાંજે શ્રી અમુલભાઈ ચૌહાણ તરફથી બાળકોને અતિપ્રિય એવી પાણીપુરી, મન્ચુરીયન અને કોલ્ડ્રિંકસની લિજ્જત કરાવવામાં આવેલ.
- આજ દિવસે રાત્રિ બી ફોર નવરાત્રિની ઉજવણી સંસ્થાના મેદાનમાં ડી.જે. સાથે ઉજવવામાં આવેલ. બાળકો, ગૃહમાતાઓ અને છાત્રાલય સ્ટાફે માતાજીની આરતી, સ્તુતિ કર્યા બાદ દાંડિયારાસ લીધેલ. શ્રી કલ્પેશભાઈ દેસાઈ નેવલા તરફથી બધા બાળકોને આઈસક્રીમ અપાયેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગૃહમાતાઓએ કરેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી મીતાબહેન ઓઝા, શ્રી સૂર્યકાન્તભાઈ હાજર રહેલ અને સૌના ઉત્સાહમાં વધારો કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre

### રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-



પી.એન.આર.સોસાયટી તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા સંચાલિત,'પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર'ના **રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ**ના સ્પોન્સર ECHJAY Industries - Mumbai દ્વારા, વિકલાંગ બાળ જન્મઅટકાવ અભિયાન રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ, વર્ષ ૨૦૧૮ - ૧૯ ના ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૮ દરમ્યાન, ભાવનગર જિલ્લાના ઢસા, માંડવી હાઈસ્કૂલમાં રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તથા મહુવા હનુમંત હોસ્પિટલ અને પી.એન. આર.હોસ્પિટલમાં રૂબેલા રસીકરણ કરેલ. તેમાં **૪૫૫** બહેનોને અવેરનેસ આપી **૪૨૪** બહેનોને રૂબેલા રસીકરણ કરી સુરક્ષિત કરવામાં આવ્યાં.

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :-



ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૮ દરમ્યાન, પી.એન. આર.સોસાયટી પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, ભાવનગર જિલ્લાનાં તળાજા તાલુકાની કેન્દ્રવર્તી શાળા તથા તેની પેટા શાળાઓના બાળકોની આંખ અને કાનની તપાસ કરીને **૧૦૩૧૦** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી, બાળકોની આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ દ્વારા, પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળકોનાં કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોનાં ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૨૦૦** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૩૩૪** બાળકો જોવા મળ્યાં હતાં. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાંણું હોય તેવા તથા કાનના પડદામાં કાણું હોય તેવા બાળકોને, અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને પી.એન.આર. હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરૂરી સારવાર તથા ઓપરેશન કરી આપવામાં આવે છે. આ ક્વાર્ટર દરમિયાન **૧૦** કાનનાં ઓપરેશન કરેલાં, તેમાં Tympanoplastyનાં **૭** તથા Mastoidectomyનાં **૩** ઓપરેશન ડૉ.અશોક બારૈયા (ઈ.એન.ટી. સર્જન) દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૮ બે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન **શ્રી જયંતભાઈ વાળાણી (બુધાભાઈ પટેલ) તથા શ્રી નટવરભાઈ મેઘજીભાઈ પટેલ, અમદાવાદ** નાં સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૩૩** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૧૭** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૫ કપાયેલાં હોઠના, ૫ તાળવામાં કાંણાંના ૨** હાઈપોસ્પિડિયા, તેમજ **૫** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક),

પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ૪) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-


ઓક્ટોબર થી નવેમ્બર - ૨૦૧૮ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. પી.એન.આર. હોસ્પિટલનાં આંખ વિભાગમાં **૬૨૭** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું. **૧૦૨** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૪૬** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૧૬** દર્દીઓને છારી કાઢી આપવામાં આવી હતી.




# સંક્ષિપ્ત સમાચાર

ડૉ. ધીરુભાઈ ધંધુકિયા

## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ



### ગાંધી જયંતિની ઉજવણી

તા. ૦૨-૧૦ ના રોજ ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી. આ દિવસે શાળાને સુંદર બનાવવામાં આવી. સ્કૂલના બાળકોએ રેપર, કાગળ જેવો કચરો સાફ કરીને, શાળાને સ્વચ્છ કરી.



સ્કૂલની વિદ્યાર્થીનીઓએ જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ધો. ૧૧ની વિદ્યાર્થીની પટેલ હેત્વી મનીષભાઈ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડની સ્પર્ધામાં પ્રથમ નંબર પર આવી, શાળાનું તથા પોતાનું નામ ઉજ્જવળ કર્યું હતું. શાળા પરિવારનું ગૌરવ વધાર્યા બદલ તેણીનું સન્માન કરાયું હતું.

### નવરાત્રિ પર્વની ઉજવણી

સ્કૂલમાં નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે બાળકો તથા શિક્ષકોએ નવા-નવા વિવિધ પહેરવેશ પહેર્યા હતાં. ઉપરાંત ગીત-સંગીત સાથે ગરબા રમીને, બાળકો તથા શિક્ષકોએ ઉત્સાહ પૂર્વક પર્વની ઉજવણી કરતાં, શાળાનું વાતાવરણ આનંદિત બની ગયું હતું.

### ગેસ્ટ વિઝિટ



સ્કૂલમાં, અંબિકા શિશુ કેન્દ્ર (કણલોલ) (આંધ્રપ્રદેશ)ના મેનેજિંગ ડાયરેકટર કાંતિભાઈ શાહ તથા વડોદરાથી મિસ્ટર UMA MULEY તથા DEO ઓફિસમાંથી ડૉ. કે. આર. ઝાંઝરુકિયા, વેલજીભાઈ કણકોટિયા, રાજયગુરુ સાહેબ વિઝિટ માટે આવ્યાં હતાં. આ મહેમાનોને હાઈટેક સ્કૂલના શિક્ષક શ્રી અજયભાઈ પેઢડિયા દ્વારા, IR Camera, પ્રોજેક્ટર, E-Learning, Inteli Space વિષે વિસ્તૃત માહિતી સમજાવવામાં આવી હતી.


### સ્પોર્ટ્સ ડે તથા અન્ય એક્ટિવિટી

સ્કૂલમાં ૨૭-૧૦ થી ૧-૧૧, 'સ્પોર્ટ્સ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તમામ બાળકોએ થ્રો બોલ, લીંબુ ચમચી, દોડ, કોથળા દોડ, લોટ ફૂંક, ૧ મિનીટ ગેમ વગેરે જેવી વિવિધ રમતમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત હાઈટેક અને સી.પી. સ્કૂલના બાળકો વચ્ચે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ બાળકો તથા સ્ટાફને શાળામાં બપોરનું ભોજન આપવામાં આવ્યું હતું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### 'વર્લ્ડ સી.પી. ડે' ની ઉજવણી

તા. ૬-૧૦ ના રોજ **'વર્લ્ડ સી.પી. ડે'** ની ઉજવણી, નટરાજ સી.પી. સ્કૂલ ખાતે, ઉમંગ અને ઉત્સાહ ભેર કરવામાં આવી હતી. જેમાં સ્કૂલ ખાતે, 'ઓપન-ડે' રાખવામાં આવેલ. જેમાં શાળાની મુલાકાત અન્ય શાળાના બાળકો તથા સામાન્ય જનતાએ લીધી હતી. ત્યારબાદ શાળાના નિષ્ણાંત શિક્ષકો દ્વારા,'પોસ્ટર પ્રેઝન્ટેશન' કરવામાં આવ્યું હતું. તથા સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે-સાથે ફિઝિયોથેરાપિસ્ટની ટીમ દ્વારા સી.પી. બાળકોની સારવાર વિશે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. અને કાર્યક્રમના અંતે વિજેતાઓને ઈનામથી વધાવવામાં આવ્યાં હતાં.

### ICT ટ્રેનિંગ

તા. ૧૩ અને ૧૪/૧૦ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેકટના શિક્ષકોની હાઈટેક સ્કૂલના શિક્ષકો સાથે ICT **ટ્રેનિંગ** રાખવામાં આવેલ. જેમાં નવનીતભાઈ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા QR કોર્ડ બનાવવો, સ્માર્ટ બોર્ડનો ઉપયોગ, વિડિયો એડિટિંગ, મોબાઈલ એપ્સ, ટેસ્ટ તૈયાર કરવી જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### 'સ્પોર્ટ્સ ડે' ની ઉજવણી



તા. ૨૯-૧૦ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા હાઈટેક સ્કૂલના બાળકો માટે **'સ્પોર્ટ્સ ડે'** નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ બાળકોએ ભાગ લીધો હતો. જે અંતર્ગત દોડ, રન, સોફ્ટ બોલ થ્રો, ગોળાફેંક, સાયકલિંગ, લીંબુ ચમચી, સંગીત ખુરશી જેવી રમતો રમાડવામાં આવી હતી. જેમાં ખાસ વિશેષ સી.પી. સ્કૂલ અને હાઈટેક સ્કૂલના બાળકો અને શિક્ષકોની ઈન્કલ્યુઝિવ ક્રિકેટ મેચ હતી. આ



દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાઓને હંસાબેન દોશીના સહયોગથી ટ્રોફી આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારોએ પ્રોત્સાહક હાજરી આપી હતી.



### ખેલ મહાકુંભ

તા. ૩૧/૧૦ ના રોજ જિલ્લા કક્ષાનો **ખેલ મહાકુંભ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નટરાજ સી.પી. સ્કૂલ અને સંલગ્ન પ્રોજેકટના ૭૮ બાળકોએ જુદી-જુદી રમતોમાં ભાગ લીધો હતો. જેમાંથી ૧૫ બાળકોએ પ્રથમ ૩માં સ્થાન પ્રાપ્ત કરી ઈનામ મેળવ્યાં છે.

### જન્મ દિવસની ઉજવણી


તા. ૧૩/૧૦ ના રોજ નટરાજ સી.પી. સેન્ટરમાં ૨ થી ૧૦ મહિના દરમ્યાન આવતાં બાળકોના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થા તરફથી બાળકોના સારા સ્વાસ્થય અને લાંબા જીવનની શુભેચ્છાઓ સાથે, આકર્ષક ગિફ્ટ આપવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ખજાનચી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા

## પી. એન. આર. હૉસ્પિટલ



**સપ્ટેમ્બર-૧૮ થી ઑક્ટોબર-૧૮ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૭૧૭ | ૩૬ (૦૮ પોલિયો) | ઓર્થો ડેન્ટલ | ૨૧૫ | ૧૭૫ |
| આંખ | ૧૨૧૦ | ૨૯૭ | જનરલ ઓપીડી | ૧૫૩૬ | - |
| ઈ.એન.ટી. | | | એક્ષ-રે | ૨૯૯ | - |
| (કાન,નાક,ગળા) | ૯૭૫ | ૩૨ | લેબોરેટરી | ૬૦૩ (દર્દી) | ૧૮૧૮ (ટેસ્ટ) |
| ઓર્થોસ્કોપી | ૬૯ | ૦૨ | રસીકરણ | ૨૪ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૪૬ | ૨૩ | રૂબેલા | ૪૮ | - |
| લેસર ટ્રીટમેન્ટ | ૧૯ | - | ચામડી | ૪૫ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૭ | ૦૫ | ઓરલ સર્જન | ૨૨ | ૦૬ |

## સ્પેશ્યલ બોડી પ્રોફાઈલ બ્લડ ચેકઅપ કેમ્પ

પી.એન.આર. હોસ્પિટલ દ્વારા 'સ્પેશ્યલ બોડી પ્રોફાઈલ બ્લડ ચેકઅપ કેમ્પ', શ્રી નિલેશભાઈ ચલાળિયા (ડિસ્ટ્રીક કો-ઓ બેન્ક મેનેજર) ના આર્થિક સહયોગથી તા. ૨૮/૧૦ ના રોજ આયોજન કરાયેલ. જેમાં ૨૦૭ પુખ્ત ઉંમરની વ્યકિતઓ રૂા. ૧૫૦૦/- ના ખર્ચથી થનાર ટેસ્ટ, રાહત દરે રૂા. ૧૦૦/- ના ટોકન ચાર્જથી કરાવી લાભાન્વિત બન્યાં હતાં. લાભાર્થીઓને ચા-નાસ્તાની વ્યવસ્થાઓ રખાયેલ હતી. બાદ બ્લડ ટેસ્ટ રીપોર્ટથી ડૉ. જયંતભાઈ ધંધુકિયા તથા ડૉ. વિષ્નુગીરી ગૌસ્વામીએ નિદાન-માર્ગદર્શન આપેલ.

સમાપન કાર્યક્રમમાં અતિથિવિશેષ શ્રી નાનુભાઈ વાઘાણી (ડિ. કો-ઓ બેંકના પ્રમુખશ્રી) તથા મહાવીર સિંહજી ગોહિલ અને પી.એન.આર. સોસાયટીના પ્રમુખ શ્રી શશીભાઈ વાધર, શ્રી બાબાભાઈ, શ્રી ગિરીશભાઈ તથા ટ્રસ્ટીશ્રીઓ, હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ તથા આમંત્રિત મહેમાનો અને લાભાર્થીઓ ઉપસ્થિત હતાં. સ્વાગત પરિચય મહાસુખભાઈ જકડિયાએ કરેલ. પી.એન. આર. સોસાયટી, દિવ્યાંગો માટે આરોગ્ય શૈક્ષણિક અને સામાજિક કાર્યો કરી રહી છે તે સંસ્થાની પ્રવૃત્તિનો અહેવાલ શ્રી પારસભાઈ શાહે આપેલ.

આ પ્રસંગે શ્રી નાનુભાઈ વાઘાણીએ તેમના પ્રવચનમાં સંસ્થાની પ્રવૃત્તિની સરાહના કરેલ અને કેમ્પ માટે રૂા. ૨૫,૦૦૦/- ડોનેશન જાહેર કરેલ.




મહાવિરસિંહજી ગોહિલે પ્રતિભાવ આપેલ અને તેમનો અનુભવ જણાવેલ. તણસા કેમ્પ આયોજન કરવા સૂચન તથા રૂા. ૧૧,૦૦૦/- ડોનેશન જાહેર કરેલ. સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈએ રૂા. ૨૫,૦૦૦/- ડોનેશન જાહેર કરેલ. તેમની સંપતિ શુભ કામમાટે કાયમ વપરાતી હોય છે.

આભારવિધિ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તરફથી થયેલ. કેમ્પની સફળતા માટે હોસ્પિટલના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવેલ. લાભાર્થીઓએ પ્રતિભાવમાં, હોસ્પિટલ તરફથી અવાર નવાર કેમ્પના આયોજનથી જનતાને લાભ મળતો રહે છે અને હોસ્પિટલમાં ક્વોલીટી સારવાર રાહતના દરે મળતી રહી છે તેને બિરદાવેલ. આ પ્રસંગે ડિસ્ટ્રીક બેન્કના પૂર્વ અધિકારી મહાસુખભાઈનું તથા મેનેજર શ્રી નિલેશભાઈનું પૂષ્પગુચ્છથી સ્વાગત, પૂર્વ અધિકારી ઝાલાભાઈ અને લાલુભાઈ તરફથી કરાયેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન બોરડ



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

માહે ઓગસ્ટ, સપ્ટે., ઓકટો.`૧૮ દરમ્યાન, કુલ ૧૭ ની-બ્રેસના કેમ્પ કરવામાં આવેલ હતાં. જેમાં મુંબઈ, પુના, ઈચલકરંજી, ચંન્દ્રપુર, સીરસી, બેલ્લારી, દિલ્હી, જયપુર, હૈદ્રાબાદ, જલંધર, કોપરગાંવ, સતાના, પુના, બેંગ્લોર, મૈસુર, સેલમ મુકામે કેમ્પો કરવામાં આવેલ હતાં. જેમાં કુલ મળીને આશરે ૫૬૦ લાભાર્થીઓને કુલ ૧૧૦૦ જેટલી ની-બ્રેસ પુરી પાડવામાં આવેલ હતી. ની-બ્રેસના ઉપયોગથી ની-રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘુંટણના દુ:ખાવામાં રાહત રહે છે.

જયારે લોકલ લેવલે ઓગસ્ટ, સપ્ટે., ઓકટો. ૧૮ દરમ્યાન કુલ ૩૯૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૩૧૫ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટિ. હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, ની-બ્રેસ, વિગેરે સાધનો પુરાં પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ હતું.

માહે. સપ્ટેમ્બર-૧૮માં પોરબંદર મુકામે, સાંદીપની આશ્રમમાં શ્રી રમેશભાઈ ઓઝા (પૂજય ભાઈશ્રી) દ્વારા




કૃત્રિમ હાથ-પગ, તેમજ કેલીપર, અને અન્ય સાધનોનો કેમ્પ, સંસ્થાના પી. એન્ડ ઓ. કુ. કાજલબેન દ્વારા કરવામાં આવેલ. જેમાં કુલ ૧૦૦ જરૂરિયાતમંદ દિવ્યાંગોને આશરે ૧૧૨ જેટલા જુદા જુદા સાધનો પુરાં પાડવામાં આવેલ. પૂજય ભાઈશ્રી તથા તેમના આશ્રમની ટીમે ખૂબજ જહેમત ઉઠાવી હતી. દિવ્યાંગ વ્યકિતઓને કૃત્રિમ સાધનો પહેરીને આપેલ પ્રતિભાવથી, સર્વે ગદ્ગદ્િત થઈ ગયેલ હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મનસુખ એ. સોરઠિયા



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

## શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ


શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, ડૉ. અમીતભાઈ વાજા (ગાયનેકોલોજીસ્ટ) દ્વારા તા. ૨૬/૧૦ ના રોજ સાડા ચાર મહિનાની પ્રેગનન્સી સાથે, સોનોગ્રાફી કરાવવા આવેલ.

સોનોગ્રાફી કરતાં દર્દીને ગર્ભાશયમાં જોડિયા બાળકો હોવાનું માલુમ પડેલ. તદ્ઉપરાંત આ બાળકો ધડથી જોડાયેલાં હતાં. માથાં બે હતાં, તેમજ બંને વચ્ચે હૃદય એક જ હતું.

આ ખોડખાંપણ જવલ્લેજ જોવા મળે છે. (આશરે ૫૦,૦૦૦ માં એક) હાથ તથા પગની પણ એક જોડ હતી. આ ઉપરાંત હૃદયમાં પણ ખોડખાંપણ હતી તથા પગ વળેલાં હતાં. દર્દીએ સંમતિ આપતા તેની ડિલીવરી કરાવેલ.

**શ્રદ્ધાંજલિ**

ભૂતપૂર્વ સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને વર્ષોથી પી.એન.આર. સોસાયટી સાથે સંકળાયેલ શ્રી સી.એમ. વ્યાસ સાહેબના પત્નિ ભાનુમતિબેનનું તાજેતરમાં અવસાન થતાં, ટ્રસ્ટીગણ તથા સહકર્મચારીઓએ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં વ્યકિતગત રીતે સંવેદના પ્રકટ કરેલ અને દિવંગતના આત્મશ્રેયાર્થે પ્રાર્થના કરેલ. ॐ શાંતિ... ॐ શાંતિ... ॐ શાંતિ...





# સંક્ષિપ્ત સમાચાર

✍ લીલા ચૌહાણ અને વૈશાલી યોગી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### હેન્ડીક્રાફ્ટ અને સિલાઇ વિભાગનો સ્ટોલ



શ્રી અંબિકા ટેકરીવાલ દ્વારા આયોજિત પ્રદર્શન ઈસ્કોન કલબ ખાતે તારીખ ૨૭, ૨૮ ઓકટોબરમાં યોજાયેલ. જેમાં શાળાના હેન્ડીક્રાફટ વિભાગ અને સિલાઈ વિભાગમાં બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓનું પ્રદર્શન તથા સેલ માટેનો સ્ટોલ રાખાયેલ. સંસ્થાના શિક્ષક શ્રી મીનાબહેન રૂપેરા, શ્રી સુનિતાબહેન તથા શ્રી પદ્માબહેને આ સ્ટોલ સંભાળેલ. જેમાં શ્રી મીનાબહેન અને સુનિતાબહેનના માર્ગદર્શન નીચે બાળકોએ બનાવેલ તોરણ, આરતીની થાળી, વુડન રંગોળી, વુડન લાભ શુભ, કળશ, બટવા, પર્સકીટ, રૂમાલ વગેરે અનેક આઈટમો રાખવામાં આવી હતી. આ પ્રદર્શનમાં લોકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો અને વેચાણ પણ ખૂબ સરસ થયેલ.

### ડેન્ટલ કેમ્પ

તા. ૯/૧/ ના રોજ પી.એન.આર. સોસાયટી તથા મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાની મદદથી શાળાના બાળકો માટે ડેન્ટલ કેમ્પ યોજાયો હતો. જેમાં ડૉ. માર્ગી દોશી અને ડૉ. કાંક્ષા શાહે બાળકોની તપાસ કરેલ અને માર્ગદર્શન આપેલ, તેમજ જે બાળકોને વધારે ટ્રીટમેન્ટની જરૂર હોય તેઓને, PNR હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી.

### ભાગવત સપ્તાહ

ગોહિલવાડ રાયકવાળ બ્રાહ્મણ જ્ઞાતિના પરિવાર દ્વારા, ડૉ. રાજેશભાઈ જોષીના વ્યાસાસને 'ભાગવત સપ્તાહ'નો આરંભ તથા દિપ પ્રાગટય શાળાના દિવ્યાંગ બાળકોના હસ્તે કરાવવામાં આવેલ, તેમજ પોથીયાત્રામાં આ બાળકોએ જોડાવાનો લ્હાવો મેળવેલ.

### વાલી મીટિંગ



તા. ૨/૧૧ શાળા પ્રાથમિક વિભાગમાં વાલી મીટિંગનું આયોજન થયેલ. સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં વાલીઓ પોતાના બાળકોની કલાક્ષમતાને નિહાળી શકે તે હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. શાળાની ચાર સાંસ્કૃતિક કૃતિઓને વાલીઓએ નિહાળી અને પોતાની ખુશી વ્યકત કરેલ. કાર્યક્રમના અંતે પોતાના બાળકોની શૈક્ષણિક સિધ્ધિને ઉજાગર કરતુ પરિણામ પત્રક મેળવી છૂટા પડેલ. વાલી મીટિંગમાં ગૃહમાતા શ્રી સ્નેહાબેન, આચાર્યશ્રી ઈલાબેન મજમુદાર અને સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યા હતાં. વાલીઓએ પણ પોતાના અભિપ્રાયો રજૂ કરેલ.

### સાધન સહાય વિતરણ કાર્યક્રમ



જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા, ભારત સરકારના સામાજિક ન્યાય અને સશકિતકરણ વિભાગના સંયુકત ઉપક્રમે, ભારત સરકારની ADIP સ્કીમ અંતર્ગત

દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કાર્યક્રમ પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાયેલ. આ કાર્યક્રમમાં શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ૯૬ વિદ્યાર્થીઓને કુલ ૧૯૨ BTE શ્રવણયંત્રો (ડિજિટલ) સેલ સાથે આપવામાં આવેલ. શ્રવણમંદ બાળકોના ભાષા અને વાણી વિકાસમાં અત્યંત સહાયરૂપ શ્રવણયંત્ર મેળવી, બાળકોએ આનંદ વ્યકત કરેલ અને સંસ્થાના આચાર્યશ્રીએ આભારની લાગણી વ્યકત કરેલ.

## ખેલ મહાકુંભમાં બાળકોની ઝળહળતી સિધ્ધિ



તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૮નું આયોજન, 'ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ' દ્વારા સૌ પ્રથમવાર જિલ્લા કક્ષાએ થયેલ. જેમાં ભાવનગરના અલગ-અલગ તાલુકામાંથી અંદાજિત ૧૨૫ જેટલા ડેફ વિદ્યાર્થીઓએ ૧૦૦ મી અને ૨૦૦ મી. દોડમાં જિલ્લા કક્ષાએ ભાગ લીધેલ. જેમાં આપણી શાળાના ૨૩ ભાઈ-બહેનોએ ભાગ લીધેલ અને તેઓ આ સ્પર્ધાના ચારેય ગ્રુપ A, B, C, D, માં ૧૦૦ અને ૨૦૦ મીટર દોડમાં વિજેતા થઈ શાળાનું ગૌરવ વધારેલ છે. વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટ મળેલ છે. અનુક્રમે રૂા. ૫૦૦૦/- , રૂા. ૩૦૦૦/- અને રૂા. ૧૦૦૦/- નું રોકડ પુરસ્કાર વિજેતાઓને મળેલ. તે બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી, મંત્રીશ્રી, પ્રિન્સિપાલશ્રી તેમજ શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓને, તેમજ રમત શિક્ષક સંદિપભાઈને ખૂબ અભિનંદન પાઠવેલ.

## કુસુમ રીહેબિલીટેશન સેન્ટર

'કુસુમ રીહેબિલીટેશન સેન્ટર' હેઠળ બધિર બાળકોની માતાઓ/સ્વજનો માટે તાલીમી કોર્સ ચાલે છે, તે અંતર્ગત આ વર્ષે આપણી સંસ્થામાં, 'નિપા-ઉષા કલીનીક, જૂનાગઢ'ની સાત માતાઓ અને આપણી સંસ્થાની એક માતાએ પ્રેક્ટિકલ અને થિયરીની પરીક્ષા આપી છે.

## હીયરીંગ એઈડ ફીટ કરવાનો વિશ્વ રેકોર્ડ

'સ્ટારકી ફાઉન્ડેશન' (યુ.એસ.એ.) દ્વારા, ૬૦૦૦ લાભાર્થીને ૧૨૦૦૦ હીયરીંગ એઈડ (કાનના મશિન)



આપવાનો એક કાર્યક્રમ પુના મુકામે યોજાઈ ગયો. આટલા હીયરીંગ એઈડ એક સાથે, એક જ જગ્યાએ, એક જ દિવસમાં, ફીટ કરવાનો આ વિશ્વ રેકોર્ડ બન્યો. આપણે પણ આ પ્રકારનો કેમ્પ યોજવા માટે સ્ટારકી ફાઉન્ડેશન સાથે વાતચીત ચાલી રહી છે તે અંગે ચર્ચા અને સ્થળ મુલાકાત માટે મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા અને ઓડિયોલોજીસ્ટ શ્રી અનિલ સિંધે પુના ખાતે યોજાયેલ કેમ્પની મુલાકાત લઈ, સ્ટારકી ફાઉન્ડેશનના વડા સાથે ચર્ચા પણ કરી હતી.

## પ્રદર્શન અને વેચાણ



વ્યવસાયલક્ષી તાલીમના ભાગરૂપે દિવાળીમાં આકર્ષક પેઈન્ટિંગ ગરબા બનાવી તેનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. આમાં ભાગ લેનાર શ્રવણમંદ વિદ્યાર્થીનીઓને પુરસ્કાર આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યો હતાં.

## ખુરશીની ભેટ

શાળાની ધો. ૭ ની વિદ્યાર્થીની પૂજાબા ગોહિલ કે જે શ્રવણમંદતાની સાથે બંને પગ ક્ષતિગ્રસ્ત હોવાથી તે વર્ગની બેઠક વ્યવસ્થા સાથે અનુકૂલન સાધી ન શકવાથી, તેને અભ્યાસમાં અસર થતાં, શ્રી અશ્વિનભાઈએ પૂજાની મુશ્કેલીને નિવારવા શ્રી બાબાભાઈ સાથે ચર્ચા કરી અને નટરાજ સી.પી. શાળામાંથી ખુરશીની વ્યવસ્થા કરી આપી સી.પી. શાળામાંથી ભેટરૂપે મળેલ, તેની ખામીને અનુરૂપ ખુરશીથી પૂજા ખૂબ જ ખુશ છે, તેના પર બેસી તે ખૂબ સારી રીતે અભ્યાસ કરી રહી છે

## ખેલ મહાકુંભમાં યુ.ડી.આઈ.ડી. રજીસ્ટ્રેશન



તા. ૩૧/૧૦ અને ૧/૧૧ એમ બે દિવસ માટે ભાવનગર જિલ્લા કક્ષાનો દિવ્યાંગજનો માટેનો ખેલમહાકુંભ-૨૦૧૮, સીડફાર્મ ખાતે યોજાયો હતો. જેમાં સમાજ સુરક્ષા ખાતું, ભાવનગર દ્વારા, ભાવનગર જિલ્લામાં યુ.ડી.આઈ.ડી. કાર્ડ કઢાવવામાં બાકી રહી ગયેલ દિવ્યાંગો માટે ત્રણ કોમ્પ્યુટર સિસ્ટમ, સ્કેનરની વ્યવસ્થા કરીને, ખેલમહાકુંભમાં ભાગ લીધેલ દિવ્યાંગોને ત્યાંજ ફોર્મ ભરાવી, ડોકયુમેન્ટ્સ સ્કેન કરી રજીસ્ટ્રેશન કરી આપવાની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કામગીરીમાં સંસ્થાના શ્રી રાજુભાઈ પટેલ અને શ્રી હાર્દિકભાઈ જોડાયા હતા.

## દિવ્યાંગ ઉમેદવાર માટે રોજગાર નોંધણી કેમ્પ

તા. ૫/૧૦ ના રોજ શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળામાં, દિવ્યાંગ ઉમેદવાર માટે ખાસ 'નોંધણી કેમ્પ' શાળાના કેમ્પસમાં યોજવામાં આવેલ હતો.

જેમાં ૫૨ વિદ્યાર્થીઓના રોજગાર કાર્ડ કઢાવવાની કાર્યવાહી થઈ. રોજગાર અધિકારીશ્રી ગોહિલ સાહેબના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે આ કાર્ય કરેલ. સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ હાજર રહી પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ.

# ખેલ મહાકુંભ-૨૦૧૮

શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં ભાગ લઈ કુલ ૪૪ મેડલ અને રૂ. ૨,૨૬,૦૦૦ જેવાં રોકડ પુરસ્કાર લઈ આવ્યા છે. આ અગાઉ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં રૂ. ૭૨,૦૦૦ જેવા ઈનામો મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ અપાવનાર કોચ અને સ્પોર્ટસ ટીચર શ્રી સંદિપ ગોસ્વામીને સંસ્થાવતી મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ અભિનંદન આપી, રૂ. ૫૦૦૦ના પુરસ્કારની ઘોષણા કરી હતી.





| | | |
|---|---|---|
| 1 | [illegible] | 18 |
| 2 | [illegible] | 4 |
| 3 | [illegible] | 24 |
| | [illegible] | 44 |

# સંસ્થા મુલાકાત



તા. ૪/૧૨/૧૮ ને મંગવારના રોજ પી.એન.આર. સોસાયટી, નટરાજ કોલેજની મુલાકાતે શ્રી અશોકભાઈ કાપડીયા (યુ.એસ.એ.) થી આવેલા. તેઓ આપણા વેલવિશર્સ અને દાતા શ્રી પ્રફુલભાઈ શાહ (યુ.એસ.એ.) સાથે સંકળાયેલ છે.

તેમજ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં તેઓનું દાન પણ આવેલ છે.

ભાવનગરમાં તેઓ માયા સ્ટોરવાળા શ્રી પ્રકાશભાઈ કાપડીયાના ભાઈ છે. તેઓ ૪૦ વર્ષથી યુ.એસ.એ. માં ટેક્ષ પ્રેક્ટિસ કરે છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### સંસ્થાની વાર્ષિક મીટિંગ (AGM)



તા. ૧૬-૯ ના રોજ અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) ની અધ્યક્ષતામાં, ટ્રસ્ટી મંડળ તેમજ કાર્યવાહક કમિટીની વર્ષ ૨૦૧૭-૧૮ની વાર્ષિક મીટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં માનદ્‌મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા, ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવેલ. શૈક્ષણિક પ્રવૃત્તિનો અહેવાલ શ્રી ડી.જે.ધંધુકિયા દ્વારા, તેમજ માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ દ્વારા ઓડિટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા બદલ શ્રી વિનુભાઈ હકાણી, આરીફ જેઠવા તથા મયુર રાઠોડને અભિનંદન પાઠવવામાં આવેલ. આ પ્રસંગે હાજર ટ્રસ્ટીશ્રીઓ, તેમજ સભ્યો દ્વારા, અંકુરની કામગીરીને બિરદાવી સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવેલ.

### ગાંધી જયંતિની ઉજવણી



તા. ૦૧-૧૦ ના રોજ શાળામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકોએ ગાંધીજીની વેશભૂષા, તેમજ ખોટું ન બોલવા, ન સાંભળવા અને ખોટું ન કરવા વિશેના પ્રતીક એવા ત્રણ વાંદરાના મોહરા દ્વારા, નાટક રજૂ કરવામાં આવેલ. તેમજ ગાંધીજીના જીવન ચરિત્ર પર આધારિત ફિલ્મ બતાવવામાં આવેલ.

### નવરાત્રિ પર્વની ઉજવણી



તા. ૧૩-૧૦ ના રોજ દિપક હોલ ગ્રાઉન્ડ ખાતે, મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળના સહયોગથી, **'નવરાત્રિ પર્વ'** ની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના બાળકો દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરવામાં આવેલ. માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ દ્વારા, આવેલ મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિ ભેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. મહેમાનશ્રીઓ તથા સ્ટાફ, તેમજ વાલીઓ દ્વારા આરતી સાથે ગરબા રમવામાં આવેલ. આ પ્રસંગે ઓરકેસ્ટ્રા તથા સિંગર બંને, અંધ ઉદ્યોગ શાળાના બાળકો દ્વારા ખૂબ જ સરસ રીતે રજૂ કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ. ગિરીશભાઈ વાઘાણી (વાઈસ ચાન્સેલરશ્રી, ભાવનગર યુનિવર્સિટી), શ્રી સુનિલભાઈ વડોદરિયા (પ્રમુખ, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ), શ્રી જતિનભાઈ મણિયાર (પ્રમુખ, મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળ) તથા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. વિશેષમાં મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળ તરફથી દરેક બાળકોને ગિફ્ટ આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ.

### દિપાવલી પર્વની ઉજવણી

તા. ૨૭-૧૦ ના રોજ શાળામાં **'દિપાવલી પર્વ'** ની ઉજવણી નિમિત્તે શાળાની વિદ્યાર્થીની કુ. ધારા દ્વારા પ્રાર્થના તથા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. વિદ્યાર્થીની મિનલ રાઠોડે દિવાળીના તહેવાર વિષે સરળ ભાષામાં માહિતી આપેલ. ત્યારબાદ મહેમાનો દ્વારા







બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી પરાગ મણિયાર, શ્રી ચેતનભાઈ ખંભાતી, તેમજ પૂર્વ માનદ્ મંત્રી શ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ), તેમજ માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહેલ. દર વર્ષની માફક આ વર્ષે પણ સ્વ. જીતુભાઈ ફટાકડાવાળા (શ્રી નિમેષભાઈ દેસાઈ) તરફથી દરેક બાળકોને ફટાકડા આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ. કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ.

## અર્ધ વાર્ષિક વાલી મીટિંગ

તા. ૨૯-૧૦ ના રોજ શાળામાં પ્રથમસત્રના અંતે, ગ્રુપ પ્રમાણે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં દરેક વાલીઓને પ્રથમસત્રમાં તેમના બાળકો દ્વારા કરવામાં આવેલી પ્રગત્તિનો અહેવાલ, આ બાળકોના વિકાસ માટે શું કરી શકાય ? તેનાથી માહિતગાર કરવામાં આવેલ.

## વિદાય સમારંભ

તા. ૩૦-૧૦ ના રોજ શાળાના ઉદ્યોગ શિક્ષક શ્રી વર્ષાબેન જી. પટેલ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં, **'વિદાય સમારંભ'** નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે શ્રી વર્ષાબેન પટેલનું પુષ્પગુચ્છથી અભિવાદન કરેલ. શ્રી અનંતભાઈ કે. શાહે (બાબાભાઈ) શાલ અર્પણ કરેલ. ત્યારબાદ શ્રી અનંતભાઈ કે. શાહ, શ્રી વિનુભાઈ હકાણી, શ્રી ભારતીબેન ભટ્ટ, તેમજ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, શ્રી પારૂલબેન પાઠકે વર્ષાબેન સાથેના સંસ્મરણો વાગોળેલ. કાર્યક્રમની અંતમાં શ્રી વર્ષાબેન પટેલ દ્વારા મહેમાન તથા સ્ટાફ માટે અલ્પાહારનું આયોજન કરવામાં આવેલ.



**સંસ્થાના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ સી.એમ.પી. છાત્રાલયમાં સફાઈ કાર્ય કરીને ગાંધી જયંતિની ઉજવણી કરી**

## શ્રદ્ધાંજલિ



સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિમાં ઉદારતાથી સહયોગ આપતાં પીડિલાઈટ ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન શ્રી મધુકરભાઈ પારેખના માતુશ્રી કાન્તાબેન બળવંતભાઈ પારેખ (ઉં. ૯૨) નું મુંબઈ મુકામે તા. ૨૨/૧૧ ના રોજ અવસાન થતાં સંસ્થા પરિવારે ઉંડા દુ:ખ અને શોકની લાગણી વ્યકત કરી છે.

**ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

# ૧ ઓક્ટોબર '૧૮ થી ૩૦ નવેમ્બર '૧૮ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

| | |
|---|---|
| M/S. Kawarlal And Co - Chennai | 30,000 |
| Shri Dilip J Diwan - Mumbai | 15,000 |
| Shri Padmavati Charitable Trust - Bhavnagar | 200,000 |
| Shri Kalpana Arvindbhai Ganatra - Pune | 11,000 |
| Shri Chandrakantbhai C. Desai - Pune | 40,000 |
| Shri K Uttamlal - Mumbai | 50,000 |
| Dr. R. B. Thorat - Bhavnagar | 80,000 |
| Shri Pareshbhai B. Joshi - Bhavnagar | 10,011 |
| Shri Sarvaiya Kiritdevsinh Krushnadevsinh - Bhavnagar | 11,000 |
| Shri Amishbhai Mehta - Bhavnagar | 2,000 |
| Dharaben P. Joshi - Bhavnagar | 10,011 |
| Shri S. C. Anandpara - Mumbai | 25,000 |
| Shri Nirmalaben Kantilal Mehta - Bhavnagar | 12,000 |
| Shri Vasantrai M Gandhi - Mumbai | 6,20,000 |
| Shri Prabodh Shantilal Mehta - Mumbai | 3,50,000 |
| Shri Jayendra Rajendra Parekh - Mumbai | 1,001 |
| Shri B.K. Parekh Parkinson's Disease & Movement Disorder - Mahuva 67,000 | |
| Shri Kiritkumar Chhotalal Bhagat - Mumbai | 5,000 |
| Shri Nergish Darius Vesavewala - Mumbai | 40,000 |
| Shri Mahendrabhai R. Desana - Bhavnagar | 2,100 |
| Shri Ashokbhai Y. Vidwans - Mumbai | 2,100 |
| Shri Nileshbhai Mansukhbhai Chalalia-Bhavnagar | 65,000 |
| Shri Tansukhlal Laljibhai Vithalani - Bhavnagar | 10,000 |
| Shri Gomatibai And Chatrabhuj Dhanani-Mumbai | 5,000 |
| Shri Rashmi V. Shah - Mumbai | 2,000 |
| Shri Gigabhai Nathubhai Charity Trust-Mumbai | 1,25,000 |
| Shri Ankur Kamaliya - Mumbai | 1,00,000 |
| Shri Ashokbhai C Shah - Mumbai | 1,100 |
| Shri Vinod A. Shah - Mumbai | 1,500 |
| Shri Chudasama Dharmendrasinh Jitendra - Bhavnagar | 2,500 |
| Shri Shantilal M. Shah - Mumbai | 50,000 |
| Shri Urmikant Prabhudas Mody - Mumbai | 25,000 |
| Shri Labdhi Enterprise - Bhavnagar | 50,000 |
| Shri Kampani Charitable Trust - Mumbai | 2,00,000 |
| Shri C. M. Vyas - Surendranagar | 1,000 |
| Shri Pramodbhai Maganbhai Bhatt - Bhavnagar | 9000 |
| Shri Karan & Anuj Gosalia - Mumbai | 3500 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri D.K.ajmera Foundation Trust - Mumbai | 150000 |
| Shri Universal Agencies - Bhavnagar | 2000 |
| Shri Bhaveshkumar Himatbhai Chavda - Bhavnagar | 51000 |
| Shri Rotary Club Of Puna University Charitale Trust - Pune | 17500 |
| Shri R. M. Bhatt - Bhavnagar | 3500 |
| Shri Karimkhan U. Pathan - Bhavnagar | 100000 |
| Late Shri Jignaben Bhadreshkumar G. - Bhavnagar | 5000 |
| Shri Laxmibai Dwarkadas Charitable Trust - Mumbai | 50000 |
| Shri Jay Kahmbhidada / Bapa Sitaram-Bhavnagar | 12011 |
| Shri Shroff Family Charitable Trust - Mumbai | 50000 |
| Shri Vinodbhai Bhayani - Bhavnagar | 5000 |
| Shri Harshaben Shirishbhai Upadhyay - Bhavnagar | 9000 |
| Shri Daxaben N. Savajiyani - Bhavnagar | 3150 |
| Shri Jitubhai Prabhashankar Dave - Ahmedabad | 7000 |
| Shri Innersheel Club Of Bhavnagar - Bhavnagar | 19000 |
| Shri Jasumatiben Chimanlal Vasa - Mumbai | 10000 |
| Shri Dhanvantray K. Ajmera - Mumbai | 50000 |
| Shri Dhanvantray K. Ajmera - Mumbai | 50000 |
| Shri Satbhama Teckchand Charitable Trust - Mumbai | 100000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Pushpaben N. Dave & Jayshriben N Dabe - Bhavnagar | 28000 |
| Shri Taslimben H. Mahida - Bhavnagar | 2300 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Darshanaben Yogeshbhai Upadhyay - Bhavnagar | 5000 |
| Shri Ritaben Lakhani - Bhavnagar | 1000 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Jayshriben Kiritbhai Rathod - Bhavnagar | 50000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 4000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Pravinaben K Parmar - Bhavnagar | 1701 |
| Shri Chandrakant V Shah - Bhavnagar | 6550 |
| Shri Shivanshsinh B. Jadeja - Bhavnagar | 3445 |
| Late Shri Vivekbhai Ajaybhai Doshi - Bhavnagar | 9000 |
| Shri Maharaja Agrasen Knee-care - Jaipur | 15000 |
| Shri Nisarg Shah - Bhavnagar | 10000 |
| Shri Milan Chandrakantbhai Vyas - Bhavnagar | 3880 |
| Shri Neepa Usha Clinic - Junagadh | 2500 |
| Shri Shardaben Solanki - Bhavnagar | 1272 |
| Shri Mrudulaben Dhirajlal Shah - Bhavnagar | 7780 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | |
|---|---|
| Shri Kavarlal & Co. - Chennai | 20000 |
| Smt. Surekhaben Ashokkumar - Bhavnagar | 10001 |
| Shri Chintan Aashishkumar Gajjar - Bhavnagar | 5000 |
| Shri Apurvbhai Arvindbhai Parekh - Bhavnagar | 5000 |
| Shri Urmilaben K. Sheth - Bhavnagar | 5000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 2500 |
| Shri Maulikbhai Nitinbhai Sheth - Botad | 2100 |
| Shri Sunilbhai Vadodariya - Bhavnagar | 1100 |
| Shri Girishbhai C. Shah - Bhavnagar | 1100 |
| Shri Jatinbhai Maniyar - Bhavnagar | 1000 |

# PNR પ્રવૃત્તિઓ






દિવ્યાંગોને સાધન સહાય વિતરણ





સી.પી. શાળા
સ્પોર્ટ ડે
ઈનામ વિતરણ





સી.પી. શાળા
સ્પોર્ટ ડે
ઈનામ વિતરણ

હાઈટેક સ્કૂલ



ખેલ મહાકુંભ ઈનામ વિતરણ



નવરાત્રીની ઉજવણી

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 December - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com